सत्य मेव जयते

| | |
|---|---|
| રજુ તારીખ | ૨૦–૦૯–૨૦૨૧ |
| દાખલ તારીખ | ૨૦–૦૯–૨૦૨૧ |
| ફેસલ તારીખ | ૦૬–૦૪–૨૦૨૬ |
| **સમયગાળો** | **વર્ષ માસ દિવસ** |
| | **૦૪ ૦૬ ૧૭** |

**મહે.કપડવંજના એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.કપડવંજ**

ફોજદારી કેસ નં.૧૩૪૫/૨૦૨૧
આંક ::

**ફરીયાદી ::**
શ્રી સ ર કા ર

**વિ રૂ ધ્ધ**

**આરોપી ::**
સુનીલકુમાર ઉર્ફે દિલીપભાઈ રમેશભાઈ સોલંકી,
રહે. મીરાપુર સોમનાથ, મુ.તા.કપડવંજ
જી.ખેડા

ગુન્હો : ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઈ) મુજબનો

**ફરિયાદી તરફે વિ. એ.પી.પી. શ્રી ડી.બી.ચૌહાણ**
**આરોપી તરફે વિ.વ.શ્રી એમ.બી.રાજપુત**

**–:: ચુ કા દો ::–**

**૧.** ફરિયાદ પક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આરોપીએ તા.૧૩/૬/૨૦૨૧ ના રોજ કલાક–૧૩.૪૫ વાગ્યાના સુમારે મોજે મીરાપુર સોમનાથ સીમ તા.કપડવંજ ખાતેથી વગર પાસ પરમીટે એક પ્લાસ્ટિકના મોટા ગેલનમાં આશરે ૨૩ લીટર જેની કિં.રૂ.૪૬૦/– ના મુદ્દામાલ સાથે જાહેરમાંથી મળી આવી પકડાઈ જઈ ગુન્હો કરતા આરોપી વિરૂધ્ધ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઈ) મુજબની ફરીયાદ કપડવંજ ટાઉન તાલુકા પો.સ્ટે.માં પ્રોહી. પાર્ટ સી.ગુ.ર.નં.૨૬૪/૨૦૨૧ થી દાખલ કરી, તપાસ કરનાર અધિકારીએ આરોપીને અટક કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ, તપાસના અં

તે આરોપી વિરૂધ્ધ ગુન્હો બનતો હોવાનો પુરતો પુરાવો હોવાનું જણાતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ છે.

**૨.** આરોપીને સમન્સ બજતાં તેઓ વિ.વકીલશ્રી સાથે અદાલત સમક્ષ હાજર થતા, આરોપીને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલ વિના મુલ્યે પુરી પાડી, આંક–૪ થી તહોમતનામુ ફરમાવી, આંક–૫ થી પ્લી લેતા તેઓએ ગુન્હાનો ઈન્કાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**૩.** ફરિયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે.

મૌખિક પુરાવો

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી હેમંતભાઈ દશરથભાઈ પટેલની જુબાની | ૧૨ |
| ૨. | પંચસાહેદ જહીરબેગ અજગરબેગ મીર્ઝાની જુબાની | ૧૪ |
| ૩. | સાહેદ કિરીટકુમાર ભલાભાઈ ડાભીની જુબાની | ૧૭ |
| ૪. | ત.ક.અ.પરેશભાઈ ધરમશીભાઈ આલની જુબાની | ૧૮ |
| ૫. | પંચસાહેદ સુલતાનબેગ કાસમબેગ મીરજાની જુબાની | ૧૯ |

દસ્તાવેજી પુરાવો

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૧૩ |
| ૨. | મુદ્દામાલ કબજે કર્યાનુ પંચનામુ | ૧૫ |

**૪.** ફરિયાદ પક્ષે ઉપર મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે, તે સિવાય વિશેષ કોઈ પુરાવો રજૂ કરેલ નથી. ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આ કામના આરોપીઓનું ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં હાલના આરોપીઓએ ફરીયાદ પક્ષના પુરાવાઓનો ઈન્કાર કરી, તેઓ નિર્દોષ છે અને તેઓ સામે ખોટી ફરીયાદ કરેલ છે તેવો બચાવ લીધો છે, ત્યારબાદ ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તર્ફે વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

**૫.** સદરહુ કેસના ન્યાયનિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**-:: મુ દ્દા ઓ ::-**

| | |
|---|---|
| ૧. | શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા.૧૩/૬/૨૦૨૧ ના રોજ કલાક-૧૩.૪૫ વાગ્યાના સુમારે મોજે મીરાપુર સોમનાથ સીમ તા.કપડવંજ ખાતેથી વગર પાસ પરમીટે એક પ્લાસ્ટિકના મોટા ગેલનમાં આશરે ૨૩ લીટર જેની કિં.રૂ.૪૬૦/- ના મુદ્દામાલ સાથે જાહેરમાંથી મળી આવી પકડાઈ જઈ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૫(ઈ) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ? |
| ૨. | શું હુકમ? |

**૬.** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**-:: નિ ર્ણ ય ::-**

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**૭.** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયોના કારણો નીચે મુજબ છે.

**-:: કા ર ણો ::-**

**મુદ્દા નં.૧ અને ૨ :**

**૮.** સદરહુ કામે બંન્ને મુદ્દાઓ પરસ્પર એક બીજા સાથે સંકળાયેલ હોય, હકીકતોનુ પુનરાવર્તન ટાળવા તથા સરળતા ખાતર બંન્ને મુદ્દાની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

**૮.૧** ફરિયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે રજુ કરવામાં આવેલ પુરાવાઓ જોઈએ તો સૌ પ્રથમ ફરીયાદી હેમંતભાઈ દશરથભાઈ પટેલને આંક-૧૨ થી તપાસવામા આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તા.૧૩/૬/૨૧ ના રોજ તેઓ અ.પો.કો. તરીકે કપડવંજ ટાઉન પો.સ્ટેશન ખાતે ફરજ પર હાજર હતા તે દરમિયાન તેઓ તથા કિરીટકુમાર ભલાભાઈ, પરેશભાઈ ધરમશીભાઈ તથા મહેશભાઈ વશરામભાઈ વિગેરે પોલીસ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગ દરમિયાન બાતમીના આધારે સોમનાથ મીરાપુર ગામે આરોપીને પંચો રૂબરૂ અટક કરી નામ સરનામુ પુછેલ અને પ્લાસ્ટિકના ગેલેનમાં આશરે ૨૩ લીટર દેશી દારૂ જે કુલ રૂ.૪૬૦/- ગણી શકાય તેટલાનો મુદ્દામાલ મળી આવેલ, જે બાબતે તેઓએ ફરીયાદ આપેલ.

બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓ સ્વીકારે છે કે, તેઓ પેટ્રોલીંગમાં કેટલા વાગ્યે ગયેલ અને કયા કયા સ્થળે થઈ બનાવ સ્થળે કેટલા વાગે પહોંચેલા તે ફરીયાદમાં જણાવેલ નથી, પ્રાથમીક પંચનામુ કરેલ નથી, પંચોના નામ ફરીયાદમાં જણાવેલ નથી, ફરીયાદમાં પ્લાસ્ટિકના ગેલનમાં લેબલ ઉપરની વિગતો જણાવેલ નથી.

**૮.૨** ફરીયાદપક્ષે આંક–૧૪ થી પંચસાહેદ જહીરબેગ અજગરબેગ મીરજા તથા આંક–૧૯ થી પંચસાહેદ સુલતાનબેગ કાસમબેગ મીરજાએ તેમના પુરાવામા આંક–૧૫ વાળા પંચનામામાં તેમની સહી હોવાનુ જણાવી પંચનામાની હકીકતને સમર્થન ન આપતાં ફરીયાદપક્ષે પં ચસાહેદને ફરી ગયેલ જાહેર કરી લીધેલ ઉલટ તપાસમાં પણ તેઓએ ફરીયાદપક્ષને સમર્થન કરતો કોઈ પુરાવો આપેલ નથી.

**૮.૩** ફરીયાદપક્ષે આંક–૧૭ થી સાહેદ કિરીટકુમાર ભલાભાઈ ડાભીએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, ફરીયાદીએ ફરીયાદમાં જણાવેલ કાર્યવાહી તેઓની હાજરીમાં કરેલ.

બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓ સ્વીકારે છે કે, તેઓ પેટ્રોલીંગમાં કેટલા વાગ્યે ગયેલ અને કયા કયા સ્થળે થઈ બનાવ સ્થળે કેટલા વાગે પહોંચેલા તે ફરીયાદમાં જણાવેલ નથી, પ્રાથમીક પંચનામુ કરેલ નથી, પંચોના નામ ફરીયાદમાં જણાવેલ નથી, ફરીયાદમાં પ્લાસ્ટિકના ગેલનમાં લેબલ ઉપરની વિગતો જણાવેલ નથી.

**૮.૪** ફરીયાદપક્ષે આંક–૧૮ થી ત.ક.અ. પરેશભાઈ ધરમશીભાઈ આલ તેઓના પુરવામાં જણાવેલ છે કે, તા.૧૩/૬/૨૧ ના રોજ તેઓ અ.હે.કો. તરીકે કપડવંજ ટાઉન પો.સ્ટે.ખાતે ફરજ પર હાજર હતા તે દરમિયાન તેઓ તથા હેમંતકુમાર દશરથભાઈ, કિરીટભાઈ ભલાભાઈ તથા મહેશભાઈ વશરામભાઈ વિગેરે પોલીસ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગ દરમિયાન બાતમીના આધારે સોમનાથ મીરાપુર ગામે આરોપીએ પંચો રૂબરૂ અટક કરી નામ સરનામુ પુછેલ અને પ્લાસ્ટિકના ગેલેનમાં ૨૩ લીટર દેશી દારૂ કુલ રૂ.૪૬૦/– ગણી શકાય તેટલાનો મુદ્દામાલ મળી આવેલ. તેઓએ ગુનાની તપાસ સંભાળી લાગતા વળગતા સાહેદોના નીવેદનો લઈ ચાર્જશીટ કરેલ.

બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓ સ્વીકારે છે કે, તેઓ પેટ્રોલીંગમાં કેટલા વાગ્યે ગયેલ અને કયા કયા સ્થળે થઈ બનાવ સ્થળે કેટલા વાગે પહોંચેલા તે જણાવેલ

નથી, પ્રાથમીક પંચનામુ કરેલ નથી, પંચોના નામ નીવેદનમાં જણાવેલ નથી, નીવેદનમાં પ્લાસ્ટિકના ગેલનમાં લેબલ ઉપરની વિગતો જણાવેલ નથી.

૯. આમ રજુ થયેલ પુરાવાના આધારે ફરીયાદપક્ષે તપાસેલ ફરીયાદી, સાહેદ અને ત.ક.અ.નાઓએ બનાવની હકીકતને સમર્થન કરેલ છે પરંતુ ફરિયાદ પક્ષના પંચ સાહેદો જહીરબેગ અજગરબેગ મીરજા તથા સુલતાનબેગ કાસમબેગ મીરજાએ પંચનામુ તેમની હાજરીમાં થયેલ હોવાની હકીકતને સમર્થન કરેલ નથી. તેમજ અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો આ કામે લેવામાં આવેલ નથી. વધુમાં આ કામે આરોપી પાસેથી કબજે કરેલ મુદ્દામાલ દેશી દારૂ છે કે કેમ તે બાબતનો મૌખિક કે દસ્તાવેજી પુરાવો ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. આમ, આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી કહેવાતો મુદ્દામાલ મળી આવેલ હોવાનુ પુરવાર થતુ નથી અને મુદ્દામાલ આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી મળી આવેલ હોય તેવુ સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન મળતું નથી.

**૧૧.** આ સંજોગોમાં ફરિયાદ પક્ષના કેસ પરત્વે શંકા ઉત્પન્ન થાય છે અને ક્રિમિનલ જયુરીસપ્રુડન્સના પાયાના સિધ્ધાંત મુજબ ફરિયાદ પક્ષે પોતાનો કેસ શંકાથી પર સાબીત કરવાનો હોય છે અને આરોપીએ પોતે નિર્દોષ છે તે પુરવાર કરવાનું નથી અને જયાં શંકા જાય તેમ હોય ત્યાં આરોપીને લાભ મળવા પાત્ર છે. આ કામે ફકત પોલીસ સાહેદોનો પુરાવો લીધેલ છે જેના પર આધાર રાખીને આરોપીને ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય નહી. કારણ કે, આ કામે ફરીયાદીનાં પુરાવાને સ્વતંત્ર સાહેદોથી સમર્થન મળતું નથી. આરોપી સામે કોઈ સબળ પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય આરોપીને તેમની સામે મુકવામાં આવેલ આક્ષેપમાંથી છોડી મુકવાનું ન્યાયોચિત જણાય છે. આમ, આરોપીએ તા.૧૩/૬/૨૦૨૧ ના રોજ કલાક–૧૩.૪૫ વાગ્યાના સુમારે મોજે મીરાપુર સોમનાથ સીમ તા.કપડવંજ ખાતેથી વગર પાસ પરમીટે એક પ્લાસ્ટિકના મોટા ગેલનમાં આશરે ૨૩ લીટર જેની કિં.રૂ.૪૬૦/– ના મુદ્દામાલ સાથે પકડાઈ જઈ ગુન્હો કરેલ હોવાનુ પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નીવડેલ હોય, મુદ્દા નં.૧ નો નિર્ણય ''નકાર''માં આપી મુદ્દા નં.૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

## –:: આખરી હુકમ ::–

૧. આ કામના આરોપી સુનીલકુમાર ઉર્ફે દિલીપભાઈ રમેશભાઈ સોલંકી, રહે. મીરાપુર સોમનાથ, મુ.તા.કપડવંજ જી.ખેડાનાંઓને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ ૨૪૮(૧) અન્વયે ગુજરાત પ્રોહીબીશનની અધિનિયમની કલમ–૬૫(ઈ) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાના આરોપમાં થી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. પધ્ધિત પ્રતિબંધિત મુદ્દામાલ દેશી દારૂ તથા શીશીનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપીના અગાઉના જામીન તથા જાતમુચરકા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૪૩૭(એ) અન્વયે છ માસની સમય મર્યાદા પુરી થયેથી રદ ગણવા.

હુકમ આજ તારીખ :: ૦૬ મી, માહે :: એપ્રિલ, સને :: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ :: ૦૬/૦૪/૨૦૨૬
સ્થળ :: કપડવંજ

માયાદેવી આર.શુકલા
એડી.ચીફ.જ્યુડી.મેજી.,કપડવંજ
GJ00681

SAC